ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

# વાઇબ્રન્ટ ગુજરાત હવે વાઇબ્રન્ટ ઇન્ડિયાની પીઠિકા

ગાંધીનગર દિવસે દિવસે વૈશ્વિક રૂપ સજાવટ સજી રહ્યું છે. આગામી જાન્યુઆરી મધ્યમાં યોજાનાર ગ્લોબલ સમિટની પૂર્વતૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. ઠેર ઠેર નવું બાંધકામ ચાલી રહ્યું છે. સર્કલોને નવાં રંગરૂપ અપાઇ રહ્યાં છે. નવોઢાની જેમ શણગારાઇ રહેલી નગરી જાન્યુઆરીના પહેલા સપ્તાહ સુધીમાં વિશ્વનગરી જેવો લેબાસ ધારણ કરી દેશે. સ્વર્ણિમ સંકુલથી લઇ મહાત્મા મંદિર સુધી અને કોબા સર્કલથી લઇ સેકટરોનાં સર્કલો તથા રસ્તાઓ પર્યંત આ કામ અહર્નિસ ચાલી રહ્યુ છે. મહાત્મા મંદિર તરફ જતાં તમામ રસ્તા રિનોવેટ થઇ રહ્યા છે. એરપોર્ટથી મહાત્મા મંદિર સુધી કયાંક ધૂળ કે ગંદકી ન દેખાય એવી તકેદારીપૂર્વક આયોજન થઇ રહ્યુ છે. કુદરતી ઘાસનાં ચોસલાં ને બદલે જરૂર પડ્યે કૃત્રિમ ઘાસનાં ચોસલાં ફિટ કરીને પણ ગાંધીનગરને સ્વિટ્ઝર્લેન્ડનું સૌંદર્ય બક્ષવાના પ્રયાસોમાં સરકાર અને બ્યુરોક્રસી ઉજાગરા કરી રહેલ છે. અલબત્ત, સેકટરોની અંદર શું ચાલી રહ્યુ છે તે જોવા માટે કે ગંદકીના ઉકરડા જામ્યા છે એની સામે નજર માંડવાનો કોઇ પાસે સમય નથી. સવાલ 'પીએમ' અને 'સીએમ' - બેઉની પ્રતિષ્ઠાનો છે. નરેન્દ્ર મોદી દિલ્હી ચાલ્યા ગયા પછી પણ ગુજરાતને એક પળ વાર પૂરતુંય ભૂલ્યા નથી. ચીની રાષ્ટ્રપ્રમુખને અમદાવાદના રિવર ફ્રંટ પર ડિનર આપીને એમને પોતાના ગુજરાત પ્રત્યેના પક્ષપાતની પ્રતીતિ કરાવી દીધી હતી. હવે જાન્યુઆરી-૨૦૧૫ની સાતમી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'માં આખી દુનિયાના નેતાઓ તથા ધનકુબેરો ઊમટી પડવાના છે ત્યારે આયોજનમાં જરા સરખા ચૂક રહી જાય તો અત્યાર સુધીનું કર્યું - કરાવ્યું ધૂળમાં જ મળે છે. આ સમિટ (શિખર પરિષદ)ની સઘળી કામગીરી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સીધી દેખરેખ હેઠળ ચાલી રહી છે. પૂર્વતૈયારીના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રીએ બોલાવેલ વેપાર-ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને સહયોગી સંસ્થાઓના પદાધિકારીઓની બેઠકમાં ભારે આત્મવિશ્વાસ અને ઉત્સાહપૂર્વક આગામી સમિટ વિશે ઊંચી અપેક્ષાઓ વ્યક્ત કરી છે. આ પ્રસંગે વિશ્વના અનેક દેશોમાં પ્રતિનિધિમંડળો અને રાજદૂતો ઉપસ્થિત રહેવાના છે. ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલ શિખર-પરંપરાનું આ સાતમું સોપાન છે. ગુજરાતને સલામત હબ ગણી દુનિયાના ધનકુબેરો અહીં વિવિધ ક્ષેત્રે રોકાણો કરવા, ઉદ્યોગો સ્થાપવા અને વડાપ્રધાનના મેક - ઈન - ઈન્ડિયા કાર્યક્રમને સાર્થક કરવા કૃતસંકલ્પ છે. આનંદીબેનના જ શબ્દો દોહરાવીને કહીએ તો ગાંધીનગર હવે પૂર્વના દેશોનું ડાવોસ બની રહ્યું છે. સાતમી શિખર પરિષદ વેળાએ અવનવાં ઈનોવેશન, યુવા અને મહિલા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં પણ ગુજરાત અગ્રેસર રહેશે. આનંદીબેનના આ પુરુષાર્થ પાછળ વડાપ્રધાનનું લોખંડી પીઠબળ રહ્યું છે, વળી વડાપ્રધાનપદે આરૂઢ થયા પછી નરેન્દ્રભાઇ માટે આ માત્ર 'વાઈબ્રન્ટ ગુજરાત' ન રહેતાં 'વાઈબ્રન્ટ ઈન્ડિયા' ની પીઠિકા સમી શિખર પરિષદ બની રહેવાની હોય ત્યાં ગાંધીનગરવાસીઓને હરખ કરવાનો પૂરો હક્ક છે.

# એકાંકી નાટ્ય સ્પર્ધામાં વિજેતા નાટકો ' વિનર્સ શો 'નું આયોજન

### રાજ્ય સંગીત નાટક અકાદમી અને સંસ્કૃતિ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું : ગાંધીનગરના બે એકાંકી જાદુગર અને એક નવી શરૂઆત ઉપરાંત પ્રતિભા શોધ વિજેતા નાટક ઘોડાઘાડી રજૂ થશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તેમજ સંસ્કૃતિ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે અકાદમી આયોજિત એકાંકી નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટકોના શો નું આયોજન કરવામાં આવ્યું છે. આ 'વિનર્સ શો' તા. ૨૪મી ડિસેમ્બરે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૧૫ કલાકે યોજાશે. જેમાં 'જાદુગર', 'ઘોડાઘાડી' અને 'એક નવી શરૂઆત' એમ ત્રણ એકાંકીઓ રજૂ કરાશે. આ પ્રસંગે સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે.

રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ એકાંકી સ્પર્ધામાં કુલ ૪૦ જેટલા નાટકો રજુ કરાયા હતા. જેમાંથી વિજેતા થયેલા નાટકોના વિનર્સ શો માં સ્પર્ધામાં ગાંધીનગર શહેરના ઈતિહાસમાં પ્રથમવાર રજૂ થયેલા અને પ્રથમ તેમજ તૃતીય ક્રમે વિજેતા થયેલા બંને નાટકો 'જાદુગર' અને 'એક નવી શરૂઆત' રજૂ કરાશે. એક નવી શરૂઆત દિવ્યકાંત વર્મા દ્વારા દિગ્દર્શિત અને કુંતલ નિમાવત દ્વારા લેખિત-અભિનિત નાટક છે. જ્યારે એક નવી શરૂઆત એ ઉત્સવ પરમારના ધ અર્થિંગ ગૃપ દ્વારા સર્જિત નાટક છે. આ બંને એકાંકીઓ ઉપરાંત પ્રતિભા શોધ સ્પર્ધામાં પ્રથમ સ્થળે વિજેતા બનેલ અને ડો. રાજેશ બાસીયા (માંડવી-કચ્છ) દ્વારા દિગ્દર્શિત નાટક ઘોડાઘાડી પણ રજુ કરવામાં આવશે. આ નાટકના વિના મૂલ્યે પાસ મેળવવા ડો. જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૯/૩ ખાતે આવેલ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના કાર્યાલય ખાતે પી.સી. પટેલ પાસેથી મેળવી લેવા જણાવાયું છે.

## હરિની દૃષ્ટિ...




લો આ બે અબજ વર્ષ પહેલાના અને આવતા એક અબજ વર્ષનાં મંગળ ગ્રહના ટેમ્પરેચરનો ચાર્ટ.. પરંતુ કાલે અહીં ઠંડી પડશે તેવા અઘરા પ્રશ્ન ન પુછો...!!

## આજે જીવકલ્યાણ સંસ્થાની માસિક બેઠક

ગાંધીનગરની જીવકલ્યાણ સંસ્થા દ્વારા તા. ૨૧મી ડિસેમ્બર રવિવારે સાંજે ૪ વાગે માસિક બેઠકનું આયોજન કરેલ છે. આ બેઠક સેક્ટર-૨૨માં આવેલ પંચદેવ મંદિરના યજ્ઞ સભાખંડમાં મળશે. આ માસિક બેઠકમાં હાજર રહેવા સંસ્થાના તમામ સભ્યો તેમજ રસ ધરાવતા ગાંધીનગરના નગરજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે જીવ કલ્યાણ સંસ્થા એ સર્વ જીવોના કલ્યાણ હેતુસર કાર્યરત છે.



કોલેજમાં એફવાયબીએસસી અને બીકોમની પરીક્ષા શરૂ થઈ તે પ્રસંગની તસવીર.

## તીવ્ર ઠંડી વચ્ચે મોડી રાત્રે વેપારીઓ વધારે ટાર્ગેટ

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદ શહેરમાં હવે ઠંડી જામી રહી છે ત્યારે લૂંટના બનાવો પણ વધી રહ્યા છે. તાજેતરમાં જ મોડી રાત્રે લૂંટના બનાવોમાં વધારો થયો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અમદાવાદ શહેરમાં છેલ્લા એક મહિનાના ગાળામાં લૂંટારા દ્વારા લૂંટના બનાવો વધી ગયા છે. મોડી રાત્રે ઘરે પરત ફરતા વેપારીઓને ટાર્ગેટના બનાવવામાં આવી રહ્યા છે. શહેર પોલીસ તેમજ ક્રાઈમ બ્રાંચ સહિતની એજન્સીઓએ લૂંટારુ ગેંગને ઝડપવા પ્રયાસો કર્યા છે પરંતુ પોલીસને સફળતા હાથ લાગતી નથી. શહેરના પૂર્વ વિસ્તારમાં છેલ્લા પંદર દિવસમાં ત્રણથી ચાર લૂંટના બનાવો બનવા પામ્યા છે સરદારનગર, કુબેરનગર તેમજ નરોડા વિસ્તારમાં રહેતા વેપારીઓ જ્યારે રકમ લઈને ઘરે પરત ફરે છે ત્યારે બાઈક પર આવતી શખસો રોકડ રકમ ભરેલા થેલા લઈ ફરાર થઈ જાય છે. વ્યાપક ફરિયાદો હાલમાં ઉઠી છે. વેપારીઓમાં દહેશત પણ ફેલાઈ ગઈ છે. પોલીસ દ્વારા આ વિસ્તારમાં લૂંટ કરતા આરોપીઓની પણ તપાસ શરૂ કરી છે. સક્રિય થયેલી ટોળકી વેપારીઓ અને જે લોકોને ટાર્ગેટ બનાવવામાં આવે છે તેમની પાછળ કેટલાક દિવસ સુધી રહીને તેમના અંગે માહિતી મેળવવામાં આવે છે અને ત્યારબાદ તેમને ટાર્ગેટ બનાવવામાં આવે છે. ક્રાઈમ બ્રાંચ પણ વધુ સક્રિય થઈ છે. હાલમાં ઘણા શખ્સોને પકડી પાડવામાં પણ સફળતા મળી છે.

# ૭૦૦ કરોડ કૃષિ ઉપકરણની સહાય સાથે કૃષિ ક્રાંતિ લવાશે

### કિસાનોના કલ્યાણ માટેના રાહત પેકેજનો વિરોધ શા માટે થઇ રહ્યો છે : ૧૩ કરોડ ૪ વિકાસ પ્રોજેક્ટનું ભૂમિપૂજન

અમદાવાદ, તા.૨૦

મુખ્યમંત્રી આનંદીબેન પટલે જણાવ્યું કે ૧ કરોડ ૨૦ લાખ જેટલા અસંગઠિત ક્ષેત્રકો તથા મહિલાઓને વિકાસયાત્રામાં જોડીને તેમને વિવિધ કલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત કરવાના ઉદ્દેશથી ૨૫મી ડિસેમ્બર પૂર્વ વડાપ્રધાન અટલબિહારી સમુત્ક્રાંતિ સાથે સાંકળવામાં આવશે. આ હેતુસર અત્યાર સુધીમાં ૨૦ લાખ શ્રમિકોની નોંધણી થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રી આદિજાતિ વસતીનું પ્રભુત્વ ધરાવતા છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪માં આદિજાતિ ધરતીપુત્રોને પ્રેરક સંબોધન કરતા જણાવ્યું હતું કે આ વર્ષને રાજયસરકારમાં કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવાઈ રહયું છે, ત્યારે રાજય સરકાર દ્વારા કૃષિક્ષેત્રના વિકાસ માટે રૂ. ૭૦૦ કરોડના સાધનો- કૃષિ ઉપકરણો કિસાનોને આપવામાં આવી રહયા છે સમગ્ર રાજયમાં ૩૪,૮૬૯ ખેડુતોને ટ્રેકટર સહાય, ઓઈલ એન્જિનો, સબમર્સિબલ પમ્પ સહિતના કૃષિ ઉપકરણો આપવામાં આવ્યાં છે તેમણે જણાવ્યું હતું કે, રાજયના કૃષકો, કૃષિ નિષ્ણાતો તથા અગ્રણીઓના સૂચનોના પગલે રાજયમાં ૧૭૦ સ્થળોએ કૃષિ મહોત્સવ પેર્ટન પર આ રવિ કૃષિ મહોત્સવ આ વર્ષે સૌ પ્રથમવાર યોજાયો છે ઓછા ખર્ચે અદ્યતન કૃષિ પદ્ધતિના વિનિયોગ વડે મતલબ ઉત્પાદન કિસાનો મેળલી શકે તે હેતુસર આ શિયાળુ પાક મહોત્સવ ઉજવવમાં આવ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કિસાનોને ધિરાણા વ્યાજમાં તથા વીજદરમાં રાહત માટે વિશેષ પેકેજ નક્કી કરવા કિસાન સંઘની કોર કમિટી સાથે રાજય સરકારના ઉચ્ચ પદાધિકારીઓની સતત ચર્ચા પરામર્શ બાદ કિસાનોને બેંક ધિરાણ વ્યાજ ચૂકવણી સહાયમાં ૫૦ ટકા રાહત તથા વીજળી બીલમાં ૫૦ ટકા રાહત રજૂઆત કરવામાં આવી હતી જેના પગલે કિસાનોના વ્યાપક હિતમાં રાજય સરકારે કિસાનોને વ્યાજ સહાયમાં રૂ. ૬૦૦ કરોડની તથા વીજ બિલમાં રૂ. ૫૦૦ કરોડની સહાય માટેનું પેકેજ જાહેર કર્યું છે. તેમણે દુઃખની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે કિસાનોના વ્યાપક હિતમાં જ્યારે આ કલ્યાણકારી નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે વિપક્ષના અગ્રણીઓ આવી લોક કલ્યાણકારી વ્યવસ્થાનો વિરોધ શા માટે કરી રહયા છે તેવો વેધક સવાલ કરી તેમણે કિસાનોને આ વિરોધ પાછળનો ઈરાદો સમજી લેવાની અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે મહિલાઓ માટે રાજય મા-વાત્સલ્ય યોજના બનાવી છે આ યોજના માટે જે પરિવારની વાર્ષિક આવક રૂ ૧.૨૦ લાખ હોય તે પરિવારની દરેક મહિલાને રૂ. ૨ લાખનું કાર્ડ આપવામાં આવશે જેનાથી તેઓ ખાનગી હોસ્પિટલોમાં શ્રેષ્ઠ સેવા શુશ્રૂષા કરાવી શકશે પરિવાર ૨૧ વર્ષ કરતા નાની ઉમંરના પુત્ર-પુત્રીને પણ આ યોજનાની લાભ મળશે.


# 'બોયા પેડ બબુલ કા...' 'સારા' અને 'ખરાબ' વચ્ચે લોહીલુહાણ ભવિષ્ય !!!

૧૩ વર્ષનો ફહદ હુસૈન ભણી ગણીને પાઈલોટ થવા માંગતો હતો, એનો ઈરાદો તો વિમાનમાં આખુયે વિશ્વ ફરવાનો હતો. ૧૮મી ડિસેમ્બરે બીજા સેમેસ્ટરની પરીક્ષા આપવા બેઠેલા આ ભાવી પાયલોટને ક્યાં ખબર હતી કે આજે પરીક્ષામાં મોતનું પેપર આવવાનું છે? ફર્સ્ટ એઈડની ટ્રેનીંગ લેવા એક હોલમાં ભેગા થયેલા ૨૦૦ જેટલા છોકરાઓમાં મુનીર અને શબીર નામના બંને ભાઈઓ પણ હતા. મુનીર તો ભાગ્યશાળી હતો પણ એની આંખ સામે ૧૪ વર્ષના સગા ભાઈ શબરીને ગોળીએ વીંધી દેવામાં આવ્યો. હોલમાં શિક્ષણ પ્રાજ્ઞ કરવા જમા થયેલા વિદ્યાર્થીઓની નજર સામે એક શિક્ષિકા પર પેટ્રોલ છાંટીને જીવતી સળગાવી દેવામાં આવી, આ શિક્ષિકાનો વાંક એટલો જ હતો કે એ એક આર્મી ઓફિસર સુબેદાર અબ્બાસની પત્ની હતી. આજથી બે વર્ષ પહેલા પાકિસ્તાનની સ્વાત ઘાટીમાં એક સ્કૂલબસને રોકીને છોકરીઓને પણ શિક્ષણનો હક્ક છે એવી ઝુંબેશ ચલાવવા બદલ માથામાં ગોળીઓ ખાઈને લગભગ મૃત અવસ્થામાંથી જીવતી થઈને શાંતિનું નોબેલ જીતનાર મલાલાને જયાં ગોળી મરાયેલી એ સ્વાત ઘાટીથી બે કલાકના અંતરે આવેલા પેશાવરમાં મંગળવાર ૧૮ ડિસેમ્બરે તાલીબાની ચરમપંથીઓ એ એક આર્મી સ્કુલ પર હુમલો કરીને માસુમ - નિર્દોષ એવા ૧૪૦થી વધુ લોકોને વીંધી નાખ્યા જેમાં ૧૩૨ તો નાના-માસુમ-નિર્દોષ વિદ્યાર્થીઓ હતા. જે કારણથી મલાલાએ માથામાં ગોળીઓ ખાધેલી એ જ શિક્ષણના ધામમાં તહેરીક-એ-તાલીબાન પાકિસ્તાન (ટીટીપી)ના આત્મઘાતી હુમલાખોરોએ માસુમ બાળકોનો અત્યંત બર્બરતાથી હત્યાકાંડ આચર્યો.

બનાવો બંને અલગ અલગ અને જુદા જુદા સમયે બનેલા છે પણ બંનેમાં સમાનતા એક જ છે અને એ છે માનવતાનું ખૂન. આતંકવાદીઓને કોઈ ધર્મ નથી હોતો એ અનેકોવાર સાબિત થઈ ગયેલી વાત છે પણ ૧૮ ડિસેમ્બરે આચરેલા જઘન્ય હત્યાકાંડ પછી આ ઘટનાને વખોડવા અને તાલીબાનોની ક્રુરતા વર્ણવવા અધમમાં અધમ શબ્દો પણ ઓછા અને નાના લાગે છે. આખું વિશ્વ આખીયે ઘટનાને ભય, ચિંતા અને ગુસ્સાથી જોતું રહ્યું. અત્યાર સુધી પાકિસ્તાનમાં બનતા આવા હત્યાકાંડો વખતે આપણા દેશમાં પાકિસ્તાનને એના જ પાપ નડે છે એવી ભાવના આવતી એની જગ્યાએ માસુમોના નરસંહારના આ બનાવ પછી ભારત અને દુનિયાભરમાં તાલીબાનો પર ફિટકાર વરસી રહ્યો છે અને મરનારાઓ પ્રત્યે સંવેદનાઓ... ભારોભાર સંવેદના અને પ્રાર્થનાઓ.

પાકિસ્તાન માટે આવા આતંકી હુમલાઓ કોઈ નવી વાત નથી જ. પાકિસ્તાનમાં આયે દિન આવી વારદાતોને અંજામ અપાતો રહ્યો છે પણ સ્કુલ પર થયેલો આ હુમલો નીચ અને અધમ કક્ષામાં આવે છે અને ફરી આખાયે વિશ્વમાં એક જ ચર્ચા શરુ થઈ છે કે પાકિસ્તાનનું શું થશે? હુમલાની થોડી જ કલાકોમાં ટીટીપીએ હુમલાની જવાબદારી સ્વીકારતા એક ચોકાવનારું નિવેદન કર્યુ કે પાકિસ્તાન આર્મી અમારા કુટુંબીજનોને મારી રહી છે એનું દર્દ કેવું હોય એ બતાવવા અમે આર્મીસ્કુલના બાળકોનો સંહાર કર્યો છે. છેલ્લા છએક મહિનાથી પાકિસ્તાન આર્મી અમેરિકન દળોની મદદથી ઉત્તરી વઝીરિસ્તાન કે જ્યાં તાલીબાનોનો ગઢ છે ત્યાં આતંકીઓની સફાઈ માટે જબરદસ્ત અભિયાન ચલાવી રહી છે અને લગભગ ૩૫૦૦થી વધુ આતંકીઓને ઠાર કરી ચુકી છે. પોતાની મહતા અને તાકાત ઓછી થતા બેબાકળા થયેલા તાલીબાનીઓએ બિલકુલ અમાનવીય અને જઘન્ય રસ્તો અપનાવીને વળતા પ્રહારમાં માસુમ બાળકોનો ભોગ લીધો.

આર્મી સ્કુલના આ કાંડ પછી આખાયે વિશ્વ અને ખાસ કરીને પાકિસ્તાની પ્રજામાં જબરદસ્ત આક્રોશ અને સરકાર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. વિશ્વ આખું ત્રાસવાદીઓ પર ફિટકાર વરસાવી રહ્યું છે ત્યારે પાકિસ્તાનની પ્રજા પૂછી રહી છે કે આ ક્યારે અટકશે? પાકિસ્તાને દૂધ પાઈને સાપ ઉછેર્યા છે એ કોઈ નવી વાત નથી. પાકિસ્તાન આતંકનું કેન્દ્ર બની ગયું છે અને આ કેન્દ્રમાંથી ભારત જેવા પાડોશી અને અમેરિકા જેવા દુરના દેશો સુધી આતંક સપ્લાય થતો રહ્યો છે એના અસંખ્ય પુરાવાઓ ભૂતકાળની અનેક ઘટનાઓમાંથી મળેલા છે જ પણ આજે એ જ સાપ આટલી હદ સુધી ખુદ પાકિસ્તાનને જ કરડશે એની કલ્પના તો મિયા શરીફ કે આર્મી ચીફને પણ નહી હોય. પેશાવર સ્કુલ એટેક વખતે નજરે જોયેલા સાક્ષીઓના કહેવા મુજબ આતંકીઓ પાસે રજેરજની માહિતી હતી એવું લાગતું હતું કે કોઈ એમને અંદરથી જ મદદ કરી રહ્યું હોય. બની શકે છે કે આ વાત સાચી પણ હોય કેમકે આ પાકિસ્તાન છે અહી કોણ કોના માટે કામ કરે છે એ ખુદ ત્યાની સરકાર પણ હજુ સુધી નક્કી નથી કરી શકી.પાકિસ્તાન સરકારના અને આર્મીના અનેક ઓફિસરો સરકાર અને આતંકી એમ બંને બાજુ કામ કરતા હોય એવી શંકા અને બનાવો આ પહેલા પણ બન્યા છે. પેશાવર હુમલા પછી ઈમરાનખાનની પાર્ટી શકના ઘેરામાં છે કારણકે આ એ જ પાર્ટી છે જે અત્યાર સુધી તાલીબાનો વિરુદ્ધ થતી કાર્યવાહીનો વિરોધ કરતી રહી છે. અમેરિકા પાસેથી સાધનો અને પૈસાની મદદ લઈને એને આતંકીઓ સુધી પહોચાડવાના આરોપો ખુદ અમેરિકા લગાવી ચુક્યું છે.અને એમાં પણ ટીટીપીના મુખ્ય ટાર્ગેટ આર્મી અને આર્મીને લગતા ઠેકાણાઓ જ રહ્યા છે ચાહે પેશાવરની આર્મી સ્કુલ હોય કે પછી કરાંચી એરપોર્ટ પર કરેલા બે જબરદસ્ત હુમલાઓ હોય. જે આર્મીએ આવા જેહાદી તત્વોને ટ્રેનીંગ, નાણા અને પીઠબળ પૂરું પાડેલું એ જ આર્મીના લોકોના ઘરોમાં આજે માતમ છવાયેલો છે અને એનું કારણ પણ પાછુ ખુદે ઉછેરેલા આવા જેહાદી તત્વો જ બન્યા છે. છે ને અહીનું અહી જ?



રજળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

એવું નથી કે પાકિસ્તાને ત્રાસવાદને સતત પોષ્યો જ છે, યસ સમયે સમયે અને અમેરિકા જેવા મિત્ર દેશોના દબાણ નીચે પાકિસ્તાને ત્રાસવાદ વિરુદ્ધ જંગ છેડેલો જ છે. પેશાવર સ્કુલકાંડ પણ આવી જ ફૌજી કાર્યવાહીનું રીએક્શન છે એમાં નાં નહિ કારણ કે સત્તા અને વર્ચસ્વની લડાઈમાં આતંકીઓએ પાકિસ્તાનને પણ ભયાનક વારદાતોથી સારી પેઠે ઘમરોળ્યું છે. ૨૦૦૩થી અત્યાર સુધી માં ખાલી પાકિસ્તાનમાં ત્રાસવાદી ઘટનાઓમાં અંદાજે ૨૦૦૦૦ નાગરિકો અને લગભગ ૬૦૦૦ સલામતી રક્ષકો માર્યા ગયા છે. પાકિસ્તાની સેનાએ અનેક જવાબી કાર્યવાહીઓ આતંકી સંગઠનો વિરુદ્ધ કરેલી છે પણ અફસોસની વાત એ છે કે પાકિસ્તાનના રાજકારણીઓ અને જુદા જુદા હિસ્સામાં વહેચાયેલા પાકિસ્તાનના પ્રદેશો પર કબજો જમાવવાની લડાઈને લીધે કોઈ ચોક્કસ નીતિ બની શકી નથી. આશ્ચર્યની વાત એ છે કે એકલા પાકિસ્તાનની ધરતી પરથી જ ટીટીપી જેવા લગભગ ૩૩ આતંકી જૂથો સમગ્ર વિશ્વમાં ભયાનક ઘટનાઓને અંજામ આપી રહ્યા છે અને આમાંથી મોટાભાગના જૂથોને કોઈને કોઈ રાજકીય વગ કે પછી આર્મીનો છૂપો ટેકો મળતો રહ્યો છે. ૧૯૮૦માં સોવિયેત સામે લડવા ભેગા થયેલા જેહાદીઓનો સોવીયેતના પતન પછી પોતાના લાભ માટે ઉપયોગ કરવાનું પાકિસ્તાનને અમુક સમય તો સારું પડ્યું પણ હવે આ જેહાદી બંદુકો ખુદ પાકિસ્તાનને જ નિશાનમાં લઈ રહી છે.

ઓક્ટોબર ૨૦૧૧માં હિલેરી ક્લીન્ટને કહેલું કે તમે તમારા વાડામાં સાપ સંઘરી રાખો અને એમ વિચારો કે એ તમારા પાડોશીને જ કરડશે તમને નહિ, તો એ તમારી મુર્ખામી છે. અને એક્ઝેટલી એવું જ પાકિસ્તાનમાં થઈ રહ્યું છે અને એનો ભોગ બની રહ્યા છે નિર્દોષો અને માસુમ બાળકો. ભારતથી અમને ખતરો છે એવી બુમરાણો મચાવી મચાવીને ચીન અને અમેરિકા પાસે ખોળા પાથરનાર પાકિસ્તાન પોતાના જ ઘરમાં ઉછરી રહેલા અને પોતે જ તૈયાર કરેલા તાલીબાનો વિષે બેફીકર રહી ગયું અથવા તો એમ કહો ને જાણી જોઈને આંખ મીચામણા કરતુ રહ્યું. પેશાવર પર એટેકની આગોતરી જાણકારી છતાં પણ ત્યાની લોકલ સરકારે સાવચેતીના કોઈ જ પગલા નહોતા લીધા એમાં એમનો આત્મવિશ્વાસ કે પછી કોઈ બીજી ચાલાકી હતી એવો પ્રશ્ન અત્યારે પાકિસ્તાનની આમ જનતામાં પૂછી રહ્યો છે.પાકિસ્તાન એક ઈસ્લામિક દેશ છે અને પોતાને ઈસ્લામના સૈનિકો ગણાવતા આવા સંગઠનો સામે જનમત બનાવવો પાકિસ્તાન માટે મુશ્કેલ છે એ સાદા લોજીકનો લશ્કરથી લઈને તાલીબાનો ફાયદો ઉઠાવતા રહ્યા છે. અનેક કટ્ટર ધાર્મિકનેતાઓને પાકિસ્તાનમાં ખુલ્લેઆમ ફરવા દેવાય છે, સભાઓ કરવા દેવાય છે અને ભારત જેવા દેશોની અનેક વિનંતીઓ છતાં પણ એમના પર પાકિસ્તાન સરકાર અંકુશ નથી લગાવતી

આજે પાકિસ્તાને ઉછેરેલો સાપ એને જ કરડી રહ્યો છે. પેશાવરકાંડ પછી નવાઝ શરીફે હુંકાર કર્યો કે તાલીબાનોનો ખાત્મો ચાલુ જ રહેશે. આ લખાય છે ત્યારે શુક્રવાર સુધીમાં પાકિસ્તાને આતંકવાદીઓ પર લગાડેલી ફાંસીની રોક ઉઠાવી લીધી છે. સરકાર જેલમાં બંધ આતંકીઓને ફાંસી આપવાની તૈયારી કરી રહ્યું છે. પોતાના વહાલસોયાઓ ને ગુમાવવાથી લશ્કર રઘવાયું થયું છે. લશ્કરે તાલીબાનના ઠેકાણાઓ પર હુમલાઓ તેજ કરી દીધા છે. તાલીબાન અને એના જેવા બીજા તત્વોને નેસ્તનાબુદ કરવાની કસમો ખાઈ રહ્યું છે પણ શું આટલેથી ત્રાસવાદનો આ ભોરીંગ અટકશે? પાકિસ્તાને દરેક પ્રકારના ત્રાસવાદને મૂળમાંથી સાફ કરવો પડશે. પોતાની જમીન પર પનાહ લેતા આવા આસુરી તત્વોને વીણીવીણીને ઠારમારવા પડશે એટલું જ નહિ પણ ભારત સહીત અનેક દેશોના એમને ત્યાં છુપાયેલા દુશ્મનોને જે તે દેશોને હવાલે કરવા પડશે. નવાઝને બ્રહ્મજ્ઞાન લાધી ગયું છે કે ત્રાસવાદીઓ સારા કે ખરાબ નથી હોતા એ ફક્ત ખરાબ જ હોય છે પણ નવાઝના દેખાડવાના ને ચાવવાના જુદા દાંત છે. એકબાજુ નવાઝ તાલીબાનને ભરી પીવાની કસમો ખાય છે અને બીજી બાજુ ૨૬/૧૧નો માસ્ટર માઈન્ડ હાફીઝ સઈદ બિન્દાસ ખુલ્લો ફરી રહ્યો છે ને રેલીઓમાં ભારત વિરુદ્ધ ઝેર ને ધમકીઓ ઓકી રહ્યો છે. ભારતનો દુશ્મન નમ્બર ૧ દાઉદ પાકિસ્તાનની શરણમાં છે અને એને આ જ પાક આર્મીનો ખુલ્લો સપોર્ટ છે. પાકિસ્તાનને તાલીબાનો નહિ નડે એવો નવાઝનો અને આર્મીનો ભ્રમ ભાંગી ગયો છે.

ત્રાસવાદ સામેના જંગનું એલાન તો કરી દીધું પણ નવાઝને બરાબર ખબર છે કે ઘણા બધા નેતાઓ અને આર્મીના લોકોમાં તાલીબાનો પ્રત્યે એક યા બીજા કારણોસર સહાનુભુતિ છે. મિયા શરીફ માટે ત્રાસવાદ સામેની જંગનું મનોબળ ટકાવી રાખવું એ દેખાય એટલું સહેલું કામ નથી કેમકે પાકિસ્તાન આર્મીએ ઉછેરેલા અફઘાન તાલીબાનો અને આ કટ્ટર ટીટીપી બંને પોતાના પશ્તુન મૂળને લીધે એકબીજાને મદદ કરી રહ્યા છે. મૂળ ટીટીપી એ બીજું કઈ નહિ પણ જગતભરના આતંકી સંગઠનો આ નામ નીચે એકત્ર થઈને પાકિસ્તાન સરકાર અને આર્મી સામે લડી રહ્યા છે અને અફઘાન સરહદે અમેરિકાની હાજરીનો વિરોધ કરી રહ્યા છે. આતંકવાદનો પાકિસ્તાને ઉછેરેલો અજગર હવે એને ગળી જવા તૈયાર બેઠો છે. પાડોશી દેશોમાં અને ખાસ કરીને ભારતમાં કરાતા પાકિસ્તાન પ્રેરિત હુમલાઓને સદંતર બંધ કરીને પાકિસ્તાને પોતાના સળગતા ઘરને ઠરવાની કવાયત હાથ ધરવી પડશે નહીતર પાકિસ્તાનની આવનારી નસ્લો શાશકોને ક્યારેય માફ નહિ કરી શકે એટલી હદે પાકિસ્તાનનું આતંકીકરણ થઈ જશે. પાકિસ્તાન દ્વારા પોતાને પડેલા ભયાનક ઘાવો ભૂલીને ભારત સહીત આજે આખું વિશ્વ પાકિસ્તાન ની પડખે ઉભું છે ત્યારે આ મોકો છે પાકિસ્તાન પાસે આતંકવાદની જડ ઉખાડવાનો અને દુનિયાને અને ખાસ તો એમના લાચાર અને નિર્દોષ નાગરિકોને બતાવવાનો કે પાકિસ્તાન ખરેખર આતંક વિરુદ્ધ લડી રહ્યું છે જો પાકિસ્તાન આ મોકો ચુકી જશે તો આવા અનેક આર્મી સ્કુલકાંડો પાકિસ્તાનમાં સર્જાતા રહેશે એ ચોક્કસ વાત છે પણ ખુદ પાકિસ્તાનના જ નેતાઓ અને આર્મી ઓફિસરો એવું કહે છે કે આવા હુમલાઓ પછી પાકિસ્તાનમાં બધું સારું થઈ જશે એવું જો કોઈ માનતું હોય તો એ મૂર્ખાઈ છે...

પાકિસ્તાનની ધરતી પરથી આવીને ભારત જેવા દેશોમાં ફેલાવતા આતંકને પાકિસ્તાન ત્રાસવાદ ગણવા તૈયાર નથી. કાશ્મીરમાં પાકિસ્તાની સરકાર અને આર્મી દ્વારા થતા હુમલાઓ અને ઘુસણખોરીને આઝાદીની ચળવળનું રૂપાળું નામ આપીને પાકિસ્તાન બચતું રહ્યું છે. ભારતમાં થયેલા અનેક હુમલાઓમાં મળેલા પાકિસ્તાની સંગઠનોના પુરાવા છતાં પણ પાકિસ્તાન મસુદ કે દાઉદ જેવા આરોપીઓને છુપાવીને બેઠું છે અને સતત એનો બચાવ કરી રહ્યું છે. હવે ખુદ એના જ દેશમાં અને એના જ દ્વારા તૈયાર કરાયેલા આ ભસ્માસૂરોના તાંડવથી શું એની આંખ ખુલશે ? પેશાવરની ગલીએ ગલીના ઘરોમાં કુટાતી છાતીઓ અને ગવાતા મરશીયાઓ પાકિસ્તાન સરકાર અને આર્મીને ચિત્કારી ચિત્કારીને એક જ સવાલ પૂછે છે કે નિર્દોષોનો વાંક શું ? ક્યારે અટકશે રાજકારણ, લશ્કર, જેહાદ અને નફરતની આ જુગલબંદી ??? અત્યાર સુધી પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદનો ભોગ બનેલા અનેક દેશોના લાખો પરિવારોએ અનુભવેલું ભયાનક દર્દનો અહેસાસ પેશાવરના રોતા - કકળતા અનેકો માં-બાપોના આંસુઓમાં થશ? કદાચ પાકિસ્તાન પાસે આ છેલ્લી તક છે જો ઝડપી શકશે તો જીવી જશે નહીતર આમ ને આમ અંદરોઅંદરની લડાઈમાં પાકિસ્તાનનું નામ જગતના નકશા પરથી ક્યારે ભુસાઈ જશે એની ખુદ પાકિસ્તાની અવામને પણ ખબર નહિ રહે...!!!